મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૧ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૧૭ આંતરીક માર્ગ પર વાહનોના ખડકલા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે વાયબ્રન્ટ સીરામીક એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ એકસ્પોને નિહાળવા દેશ-વિદેશથી મહેમાનો ગાંધીનગરના આંગણે આવી રહ્યા છે. સીરામીક એકસ્પો જોવા માટે રોજના હજજારો નાગરીકો આવી રહ્યા છે. ત્યારે વાહન પાર્કીંગ માટે એકસ્પોના સંચાલકો દ્વારા વિવિધ સ્થળે પાર્કીંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરંતુ આ પાર્કીંગ પેલેસ ખાલીખમ હોય છે અને સેકટર-૧૭, સે-૧૬, પોઈન્ટનું બસ સ્ટેન્ડ, અખબારભવન પાસે તેમજ ચ અને ઘ માર્ગ પર રોડની બંન્ને બાજુ વીવીઆઈપી ગાડીઓનો ખડકલો નજરે પડે છે. શહેરના મુખ્ય માર્ગો હોવાથી સવાજ સાંજ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. શહેરના સામાન્ય નાગરીકને આ માર્ગ પરથી પસાર થતા અડધો કલાકનો સમય ટ્રાફિકમાં બરબાદ થઈ જાય છે. જયારે સેકટર-૧૧ તેમજ અન્ય જગ્યાએ વાહન માટે કરવામાં આવેલા પાકીગ પેલેસ એકદમ સુમસામ લાગી રહ્યા છે. પાર્કીંગ પેલેસમાં માત્ર ગણતરીની ગાડીઓ જ હોય છે. સીરામીક એકસ્પો નીહાળવા આવતા નાગરીકોને દુર ચાલીને ન જવુ પડે તે માટે આડેધડ વાહન મુકીને ચાલ્યા જાય છે જેને પગલે ટ્રાફિકની સમસ્યા વકરે છે. સાંજના સુમારે તો પોઈન્ટની બસો મુકવા માટે પણ ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. કર્મચારીઓને અમદાવાદ જવા માટે પોતાની બસ શોધવા માટે સમય પસાર કરવો પડે છે. ગાડીઓ હોવાથી બસ નિયત બસ સ્ટેન્ડમાં રાખી શકાય તેવી સ્થિતિ હોતી નથી. સેકટરોમાં ઘર પાસે ગાડીઓ પાર્ક થઈ જતી હોવાથી કેટલાક વસાહતી ભાઈ બહેનને ગાડી દુર મુકો તેવું કહેવા કલાકો સુધી ઘરની બહાર બેસવું પડે છે.

@ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો શરણ રેસીડેન્સી, સરગાસણ ખાતે બપોરના ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા વૃન્દાવન બંગલો નં. ૪૫, ઘનશ્યામભાઈ શુકલના નિવાસસ્થાને સવારે ૯.૦૦ કલાકે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

ગિયોડ ખાતે ડેરીના સભાસદોનું મહાસંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના દૂધ સહકારી મંડળીઓના સભાસદો અને ચેરમેનશ્રીઓનું મહાસંમેલન આગામી તા. ૧૯ નવેમ્બરને રવિવારના રોજ બપોરે ૩ કલાકે ગિયોડ ખાતે રાખવામાં આવેલ છે. આ મહાસંમેલનમાં સહકારી ક્ષેત્રના અગ્રણી અને એડીસી બેંકના ચેરમેન અજય પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, પૃથ્વીસિંહ તેમજ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા ઉપસ્થિત પત્રકાર મિત્રોને સંબોધશે. ડેરીના ચેરમેનની અધ્યક્ષતામાં યોજાનાર મહાસંમેલનમાં ગાંધીનગરના અંદાજે ૧૦૦૦ સહકારી આગેવાનો હાજર રહેશે.

ચાઈલ્ડલાઈન દ્વારા બાળદિનની ઉજવણી

ગાંધીનગરમાં બાળદિનની ઉજવણી નીમિત્તે ગાંધીનગર ચાઈલ્ડલાઈન દ્વારા તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બરને બાળકો માટેનું સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. તેના ભાગ રૂપે બાળકોને સાથે રાખીને ખુબ જ અનેરી રીતે બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બાળકો માટેના હેલ્પલાઈન નંબર ૧૦૯૮ ને ૧૦૦ જેવા બાળકોને ગાંધીનગર માં સેકટર-૩૦ માં આવેલ જી.ઈ.બી પ્રાથમિક શાળાના બાળકોને સાથે રાખીને બનાવવામાં આવ્યો હતો. આ રીતે બાળકો માટેના આ દિવસ દરમિયાન તેમની મદદ માટેના ૧૦૯૮ નંબરનો મેસેજ આપવામાં આવ્યો હતો.

એલસીબીએ વધુ બે વોન્ટેડ બુટલેગરને પકડી પાડયા

ગ-રોડ પર સે-૨૭ પાસેથી દારૂના જથ્થા સાથે પકડાયેલી ગાડીના ગુનામાં બંને સાગરીતો નાસતા ફરતા હતા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એલસીબીની એક ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સક્રિય છે ત્યારે ગઈ કાલે એક બુટલેગર પકડાયા બાદ આજે ગાંધીનગર એલસીબીની ટીમે વધુ બે નાસતા ફરતા બુટલેગરોને દબોચી લીધા છે. સે-૨૧ પોલિસ સ્ટેશનની હદમાં દારૂની હેરાફેરી થતી ગાડી પકડી હતી તે કેસમાં આ સંડોવાયેલા આ બંને આરોપીઓને એલસીબીએ સે-૩૦ સર્કલ પાસેથી પકડી પાડયા હતા. બંનેની ધરપકડ કરી સે-૨૧ પોલિસને સોંપવામાં આવ્યા છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે ચોકકસ બાતમીને આધારે ૨૪ ઓકટોબરે સે-૨૭/૨૮ના કટ પાસે ગ રોડ પરથી આઈ-૨૦ કારમાંથી રૂ.૯૭૨૦૦ની કિંમતની ૩૨૪ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો પકડી પાડયો હતો. આ ગુનામાં એક આરોપી પકડાયો હતો અને તેણે અન્ય બે શખ્સોના નામ ખોલ્યા હતા. બાતમી આધારે આ બંને નાસતા ફરતા આરોપીઓને સે-૩૦ સર્કલ પાસથી પકડી પાડયા હતા. અમદાવાદ દશક્રોઈ વિસ્તારના અનિરુધ્ધ ઉર્ફે કેની છનુભા ઝાલા અને ચાંદલોડીયાના બાલસંગ ઉર્ફે બાલો લક્ષ્મણ ઠાકોરની ધરપકડ કરી લઈ સે-૨૧ પોલિસને સોંપવા તજવીજ કરી છે.

અડાલજ પોલિસે એક વોન્ટેડ બુટલેગરને પકડયો

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમે ચોકકસ બાતમીને આધારે પેટ્રોલીંગ દરમિયાન સરગાસણના સિધ્ધી વિનાયક બંગ્લોઝમાં રહેતા અભુ ઉર્ફે વિનોદ ભગા ઠાકોરને પકડી પાડયો છે. ૩ જુલાઈના રોજ ૨૪ બોટલ વિદેશી દારૂ પકડાયો હતો. અડાલજ પોલિસ સ્ટેશનમાં દાખલ થયેલા આ ગુનામાં અભુ ઉર્ફે વિનોદનું નામ ખુલ્યુ હતુ ત્યારથી આ શખ્સ નાસતો ફરતો હતો.

સફાઈ કામદારો કોર્પોરેટરની સુચના પણ ગણકારતા નથી

ગાંધીનગર, તા.૧૭

ચ-૩થી ચૌધરી સ્કુલ સુધીની વન ખાતાના તારની બાજુમાં સેકટર-૭-ડીના વસાહતીઓની નજીક અસહ્ય કચરો ઝાડી ઝાંખરાંથી ગંદકી વધી ગયેલ છે. જેને સાફ કરવા માટે આ વિસ્તારના મહિલા કોર્પોરેટરે રૂબરૂ મુલાકાત લઈને સફાઈ કામદારોને સફાઈ કરવા સુચના આપી હતી અને ટ્રેક્ટર દ્વારા કચરો ભરી લેવા જણાવ્યું હતું. આ સમયે સફાઈ કામદારો તેનો મુકાદમ તથા અન્ય કર્મચારીઓ હાજર હતા, આમ છતાં અઠવાડિયાનો સમય થવા છતાં ટ્રેક્ટરમાં કચરો ઉપાડવા માટે વ્યવસ્થા થયેલ નથી. મનપાના સફાઈ કામદારો મહિલા કોર્પોરેટરની સુચનાને પણ ઘોળી પી જાય છે તેમ સ્પષ્ટ જણાય છે તો કમિશનરશ્રી ઘટતું કરશે?

વાયુશક્તિ નગર ગાંધીનગરમાં સંસ્કૃતિ મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (સ્વાક) વાયુ શકિતનગર, ગાંધીનગરમાં એર ફોર્સ વાઈવ્સ વેલ્ફર એસોસિએશન (રિજનલ) દ્વારા કમાન્ડર્સ કોન્ફરન્સની સાથે સાથે ૧૭ નવેમ્બરથી ૧૮ નવેમ્બર સુધી બે દિવસ "સંસ્કૃતિ મેળા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું ઉદ્ઘાટન એએફડબલ્યુડબલ્યુએનાં પ્રેસિડન્ટ શ્રીમતી કમલપ્રીત ધનોઆએ આજ રોજ કર્યું હતું.

મેળામાં કુલ ૨૨ સ્ટોલ સ્થાપિત કરવામાં આવ્યાં છે. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજયોમાં સ્થિત વિવિધ એએફડબલ્યુડબલ્યુએ (લોકલ) વેન્ચર્સે આ મેળામાં ભાગ લીધો છે. મેળામાં ખાસ પ્રદેશની સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિનિધિત્વ કરતી હાથવણાટ અને હસ્તકાળની લોકપ્રિય ચીજવસ્તુઓ પ્રસ્તુત કરવામાં આવી છે, જેમાં ચિત્રકામ, ડ્રેસ મટિરિયલ, વૂડકાફ્ટ વગેરેને વેચાણ માટે પ્રદર્શિત કરવામાં આવી છે. મોટી સંખ્યામાં લોકો અને તેમનાં પરિવારજનો સ્ટોલની મુલાકાત લઈ રહ્યા છે અને ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યા છે.

અંબુસિંહ ગોલની કારનો કાચ તોડી બેગની ઊઠાંતરી

રૂ. ૭૦ હજાર કેશ અને બ્લેંક ચેક બેગમાં હતા : કોબા પાસે પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા ત્યારે પાર્કીંગમાં મુકેલી કારને ચોરે નિશાન બનાવી

ગાંધીનગરના જાણીતા અગ્રણી અંબુસિંહ ગોલ બુધવારે મોડી સાંજે કોબા નજીક મનહર પાર્ટી પ્લોટમાં તેમના ભાણેજ સાથે એક લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતા. કાર પાર્કીંગમાં મુકીને લગ્નમાં હાજરી આપી પરત ફર્યા ત્યાં સુધીમાં કોઈ ચોર તેમની કારને ટાર્ગેટ બનાવી કારના કાચ તોડીને અંદરથી રૂ. ૭૦ હજાર કેશ ભરેલી બેગની ચોરી કરી ગયો હતો. આ મામલે ભાણેજની ફરિયાદને આધારે અડાલજ પોલિસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અંબુસિંહ ગોલ અને તેમના ભાણેજ સહદેવસિંહ રાણા બુધવારે મોડી સાંજે હ્યુન્ડાઈ સાન્ટા ફી કાર નં. જીજે ૧૮ બીજી ૩૧૬૧ લઈને કોબા નજીક મનહર પાર્ટી પ્લોટ ખાતે ગયા હતા. અંબુસિંહ તેમના મિત્રના લગ્નપ્રસંગે હાજરી આપવા પાર્ટી પ્લોટમાં ગયા ત્યારે કાર પાર્કીંગમાં પાર્ક કરી હતી. પ્રસંગમાં હાજરી આપીને તેઓ કાર પાસે આવ્યા ને જોયું તો કારની ખાલી સાઈડનો પાછળના દરવાજાનો કાચ તુટેલો હતો અને પાછળની સીટમાં મુકેલી મરૂન કલરની બેગ ગાયબ હતી. કોઈ ચોર પાર્કીંગમાં પડેલી તેમની કારના કાચ તોડી અંદરથી બેગ ચોરી કરી ગયો હતો. બેગમાં રૂ. ૭૦ હજાર કેશ, ડ્રાઈવીંગ લાયસન્સ, ચુંટણી કાર્ડ તથા બેંકની ચેક બુકો જેમાં ઘણા ચેકોમાં સહીઓ કરેલી હતી તે સહીતની ચેકબુકો પડી હતી. અડાલજ પોલીસે ભાણેજ સહદેવસિંહ રાણાની ફરિયાદ આધારે ગુનો નોંધી ચોરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બહુજન સમાજ પાર્ટીની સે-૧૪ ખાતે જાહેર સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા યુનિટ દ્વારા જાહેરસભાનું આયોજન તા. ૧૯ નવેમ્બરને રવિવારના રોજ સવારે ૧૧ કલાકે સે-૧૪ નવરાત્રી ચોક ગુપ્તા કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. આ સભામાં બસપાના કાર્યકરોને મોટી સંખ્યામાં હાજર રહેવા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના પ્રમુખ ગોવિંદભાઈ રાઠોડે અનુરોધ કર્યો છે.

સ્વાકની વાર્ષિક કમાન્ડર્સ કોન્ફરન્સનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા.૧૭

સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (સ્વાક)ની વાર્ષિક કમાન્ડર્સ કોન્ફરન્સનું ઉદ્ઘાટન ૧૭ નવેમ્બર, ૨૦૧૭નાં રોજ ગાંધીનગરમાં એર ચીફ માર્શલ બી એસ ધનોઆ પીવીએસએમ એવીએસએમ વાયએસએમ વીએમ એડીસી ચીફ ઓફ ધ એર સ્ટાફે કર્યું હતું. કોન્ફરન્સમાં રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોમાં સ્થિત સ્ટેશનમાં કાર્યરત કમાન્ડર્સે હાજરી આપી હતી.

અગાઉ આજે સવારે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશન (એએફડબલ્યુડબલ્યુએ)નાં પ્રેસિડન્ડ શ્રીમતી કમલપ્રીત ધનોઆ સાથે ચીફ ઓફ એર સ્ટાફનું સ્વાગત સ્વાકનાં એર માર્શલ આર કે ધીર પીવીએસએમ એવીએસએમ વીએમ એડીસી, એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ અને એએફડબલ્યુડબલ્યુએ (રિજનલ)નાં પ્રેસિડન્ટ શ્રીમતી નીલમ ધીરે કર્યું હતું.

ગાંધીનગરમાં સ્વાકનાં હેડક્વાર્ટરમાં આગમન પર એર ચીફ માર્શલ બી એસ ધનોઆએ પ્રભાવશાળી ગાર્ડ ઓફ ઓનર મેળવ્યું હતું. પોતાનાં ઉદ્ઘાટન ભાષણમાં ચીફ ઓફ એર સ્ટાફે સુપરત કરાયેલા લક્ષ્યાંકો હાંસલ કરવામાં સ્વાકનાં વાયુદળનાં સૈનિકો દ્વારા પ્રદર્શિત વ્યાવસાયિકતા અને મહેનતની પ્રશંસા કરી હતી. તેમણે ઉપલબ્ધ સંસાધનોનાં અસરકારક ઉપયોગ સાથે સંપૂર્ણ કાર્યકારી સજ્જતા જાળવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. તેમણે વાયુદળનાં સૈનિકોને અદ્યતન ટેકનોલોજીઓ સાથે સજ્જ રહેવા તથા ક્ષમતાઓ અને માળખાનાં મુખ્ય અપગ્રેડેશન સાથે આઈએએફને આગેકૂચ કરતી વખતે સંબંધિત પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવા ભાર મૂક્યો હતો. ચીફે વાયુદળનાં દરેક સૈનિકને શિસ્ત અને સંકલન પ્રદર્શિત કરવા અપીલ કરી હતી.

વાર્ષિક કોન્ફરન્સ સ્ટેશન કમાન્ડર્સ માટેનાં ફોરમ છે, જેનો ઉદ્દેશ કમાન્ડ હેડક્વાર્ટર્સમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે કામગીરી, જાળવણી અને વહીવટી બાબતો પર અભિપ્રાયોનું આદાનપ્રદાન કરવાનો છે. કોન્ફરન્સ દરમિયાન ચીફ ઓફ એર સ્ટાફે વિવિધ ટ્રોફીઓ એનાયત કરીને જુદાં જુદાં સ્તરે વિવિધ એકમોની નોંધપાત્ર કામગીરીને બિરદાવી હતી.

પાટીદાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

પટેલ સમાજના આગેવાનો દ્વારા સમગ્ર પાટીદાર પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મેળો વિના મૂલ્યે તા. ૧૯ થી ૩૦ નવેમ્બર સુધી સવારે ૧૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી યોજાશે. આ જીવનસાથી પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારો ભાઈ-બહેનોએ પોતાના બાયોડેટા સાથે વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલપંપ સામે, જોધપુર ચાર રસ્તા કોસ રોડ, સેટેલાઈટ-અમદાવાદ ખાતે હાજર રહેવા જણાવાયુ છે.

આજ રોજ શ્રી જે. એમ . ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સે-૭ ગાંધીનગર ખાતે શાળામાં પરીક્ષાનો હાઉ કેવી રીતે દૂર કરવો તથા જીવનમાં સફળ કેવી રીતે થવું તે માટે હિમાંશુભાઈ ચૌધરીએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા (LIFE) જીવન કેવી રીતે જીવવું તે (L = LEAVE, I = IN, F = FULL, E = ENJOYMENT) સમજાવ્યું હતું. આચાર્યા રમીલાબેન એસ.ચૌધરીએ હિમાંશુભાઈનો આભાર માન્યો હતો તથા આયોજક શિક્ષકશ્રીને શુભેચ્છા પાઠવી હતી.

ચિરવિદાય

- સ્વ. પંચાલ કનુભાઈ ડાહ્યાલાલ, ઉ.વ. ૫૦
- સ્વ. શશીકાન્ત અંબાલાલ પટેલ, ઉ.વ. ૬૧